

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'પોઝીટીવ'ને પૂરી દો, 'નેગેટીવ'ને ફરવા દો!*
*નિયમમાં સાવચેત ન રહે એને મરવા દો !*
*ટળવા દો એમને દેશના દુશ્મન સમજી ને -*
*છતાં 'ઉતાવળ' હોય તો 'મનફાવે' - કરવા દો!*

હાઈકુ

*મુશ્કેલી શું છે ?*
*રહો સાવધાન, ને*
*રહો નિશ્ચિંત...*

*દો ગજ દૂરી -*
*છે સૌની જ સુરક્ષા -*
*ફરજ પૂરી...*

### ચિંતન

*યદ્ દુસ્તરં યદ્ દુરાપં યદ્ દુર્ગં યશ્ચં દુષ્કૃતમ્ ।*
*સર્વં તુ તપસા સાધ્યં તષા હિ દુરતિક્રમમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાં લેવામાં આવેલ છે.**

**જે વિઘ્ન દુસ્તત હોય, જે વસ્તુ દુષ્પ્રાપ્ય હોય, જે લક્ષ્ય દુર્ગમ હોય અને જે કાર્ય દુષ્કર હોય તે બધાં તપથી સાધ્ય બની જાય છે. તપની શક્તિ અબાધ્ય છે.**

**'સુભાષિત રત્નાવલી' સારા વિચારોનો ભંડાર છે બુદ્ધિનો ખજાનો છે.**

**વિઘ્ન, અપ્રાપ્ય વસ્તુ, દુર્ગમ કાર્ય મુશ્કેલ સિદ્ધિ, કઠિન લક્ષ્ય - આ બધું જ તપ, પ્રયત્ન, સાધના અને મનોબળની મક્કમતાથી તદ્દન સરળ અને પ્રાપ્તિમાં સુગમ થઈ જાય છે.**

**માત્ર પ્રયત્ન અને પુરુષાર્થને પકડી રાખવો જોઈએ.**

### સુવિચાર

- જગની સો કડીઓમાં સ્નેહની સર્વથી વડી - **સુંદરમ્**
- ગરીબી કી કયા ખૂબ હંસી ઉડાઈ જા રહી હે...
  એક રોટી દેકર સો તસવીર ખિંચાઈ જા રહી છે - **સૂચક શાહ**
- અનાવશ્યક ઈચ્છાઓ દુઃખદ છે, સુયોગ્ય અપેક્ષાઓ સુખદ છે - **જીવન પાથેય**
- નીડરતાથી ધારેલા કાર્યો થાય, દૃઢ સંકલ્પ વિનાના નિષ્ફળ જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- જાગતાને જગ મળે ને જગદીશ પણ મળે, ઊંઘતાને તિમિર મળે ને અજ્ઞાન પણ મળે - **નવનીત**
- ગેરહાજરીમાં પણ હાજરી વર્તાય એ જ ખરું સાનિધ્ય છે - **ક્રિષ્નકાંત ઉંડનકટ**
- આજનું ઔષધ : મધ, સુંઠ ને ગરમ પાણીમાં ઉકાળીને નવશેકા પાણીમાં લીંબુ ઉમેરીને પીવાથી સાધારણ બેચેની કે તાવ હોય તો તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાબિયા પોતાની પાસે કાયમ એક જળકળશ અને સળગતો અંગારો રાખતા.

એમને મળવા આવનારે આમ કરવાનું કારણ પૂછ્યું તો તેમને સ્પષ્ટ કર્યું. 'હું મારી ઈચ્છાઓ - આકાંક્ષાઓને જળમાં ડૂબાવા પ્રયત્ન કરું છું. અને અહંકારને સળગાવવાનો પ્રયત્ન કર્યા કરુ છું.' વળી શ્રોતાઓએ પૂછ્યું, 'હવે તો આપનામાં કોઈ દોષ રહ્યો જ નથી. આપ સિદ્ધિ થઈ ગયાં છો પછી આ કળશ અને અંગારાની જરૂર શું છે ?'

રાબિયાએ કહ્યું, 'જે દિવસે હું મારી જાતને દોષ મુક્ત અને ત્રુટિહીન માનતી થઈ જઈશ તે દિવસથી મારી પડતી થવા લાગશે.'

આવો સ્પષ્ટ જવાબ સાંભળી સૌએ રાબિયાને નમન વંદન કર્યા.

વધારે પડતી ઈચ્છાઓ અને અહંકાર મનુષ્યને અધોગતિના માર્ગે દોરી જાય છે.

# ધાર્યા નિશાન પાડવમાં મોદી નંબર-વન

**તંત્રીસ્થાનેથી...**

અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિરનો શિલાન્યાસ અને જમ્મુ અને કાશ્મીરને કલગતી કલમ ૩૭૦ની પહેલી વરસી એક જ દિવસે આવે એ યોગાનુયોગ ન જ હોઈ શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પંડિતો ૩૨ સેકન્ડનું શુભમુહૂર્ત પણ શોધી શકે છે તે આ ઐતિહાસિક ઘટનાથી પુરવાર થયું છે. જગદ્‌ગુરુ શંકરાચાર્ય સહિત ઘણા બધા મુહૂર્ત મુદ્દે વાંધો લેતા રહ્યા. આ અશુભ મુહૂર્ત છે, ચાતુર્માસ હોઈ કોઈ મહાત્મા અયોધ્યા નહીં આવી શકે - વગેરે વગેરે વાંધા-વચકા મોદીએ અને રામજન્મભૂમિ મંદિર નિર્માણના ટ્રસ્ટીઓએ એક કાનેથી સાંભળી બીજા કાને કાઢી નાખ્યા. સંકલ્પ શક્તિનું આવું ઉદાહરણ કદાચ દુનિયાના ઈતિહાસમાં શોધવા પણ મળે કે કેમ તે પ્રશ્ન છે. એ સંદર્ભે ભારતને દૃઢ સંકલ્પશક્તિ ધરાવતું નેતૃત્વ સાંપડ્યું છે. જે એના મન સિવાય કોઈની વાત સાંભળીને વિચલિત થતું નથી તેનું આ જાજવલ્યમાન ઉદાહરણ છે. જમ્મુ અને કાશ્મીરની બહુ જ અઘરી લાગતી બંધારણીય વચન જેવી કલમને કલમના એક ઝાટકે ઉડાડી દઈ મોદી અને શાહે એમની નેતૃત્વ ક્ષમતાનો પરચો એક વર્ષ પૂર્વે બતાવી દીધો હતો. ચીનના સહયોગ છતાં પાકિસ્તાનની કાગારોળ દુનિયાને કાને નથી ધરી અને હેમખેમ એક વરસ સુધીમાં આ ત્રણ ટુકડામાં વહેંચાયેલા રાજયમાં એક વરસ લગી શાંતિ જ રહેવા પામી છે. એને સૈનિક શાસન કહી ઉતારી પાડનારા લોકોને કોઈએ ગંભીરતાથી લીધા નથી. વડવાઓ, જેમાં સરદાર પટેલ પણ સામેલ હતા - એમની ભૂલ સુધારીને મોદીએ ઈતિહાસ રચ્યો છે. એ જ રીતે જે ધાર્મિક આંદોલનના પ્રવક્તા તરીકે માઈક્રોફોનમાં બુલંદ અવાજે 'મંદિર વહીં બનાયેંગે'ના નારા લગાવેલા, તે સંકલ્પને પણ અનેક અવરોધો વચ્ચે મોદી પાર પાડીને રામભક્તોનાં હૃદયમાં ચિરંજીવ સ્થાન બનાવી દીધું છે. એ જુદી વાત છે કે આર્થિક સહિતનાં ઘણાં પાસાંમાં એણને સરિયામ નિષ્ફળતા સાંપડી છે, દેશ બેકારી, બેરોજગારી અને મહામારીની ચપેટમાં આવી ગયો છે, પણ 'હાથી ચલત હૈ અપની ગત મેં' એ ન્યાયે મોદી એમના સંકલ્પનોને સમયબદ્ધ રીતે સાકાર કરતા રહ્યા છે. મોદીના સદ્‌નસીબે પાકિસ્તાનને એવું નેતૃત્વ સાંપડ્યું છે. જે ખુદ પોતાના દેશમાં અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. ઈમરાનખાન પર આર્મીનો લોખંડી પંજો કયારે ત્રાટકશે તે કહેવું મુશ્કેલ છે. એથી હવે એ નવાં ગતકડાં કાઢવા લાગ્યા છે. ચીન જેમ એના નકશામાં ભારતના અરુણાચલ પ્રદેશ અને લીપુલેખ ઘાટી અને ગાલવાન ઘાટી જેવા વિસ્તારો દર્શાવવા લાગ્યું છે અને ચીનના ચાળે ચડીને નેપાળ પણ કાલીગંગા નદી પાસેના કૈલાસ માનસરોવર રૂટ ઉપરના કેટલાક વિસ્તારો એના નવા નકશામાં સામેલ કરી દીધા છે એમ્રે પાકિસ્તાને કાશ્મીર ઉપરાંત ગુજરાતના જૂનાગઢ અને માણાવદરનો એના નવા નકશામાં ઉમેરી કરી દીધો છે. જૂનાગઢના નવાબ મહાબતખાનજીએ એમના દીવાન ભુટ્ટોની કાનભંભેરણીથી પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો ત્યારે સોરઠની પ્રજાએ આરઝી હકૂમતની ઐતિહાસિક લડત આપીને સરદાર પટેલની દોરવણી હેઠળ જૂનાગઢને બચાવી લીધું હતું. હવે આટલાં વર્ષો પછી પણ ઈમરાનખાનને જૂનાગઢ અને માણાવદર યાદ આવ્યાં છે ! એમ તો હૈદરાબાદના નિઝામને પમ પાકિસ્તાન સાથે જોડાવાની લાલચ જાગેલી. ત્યાં પણ આપણા યશસ્વી નવકથાકાર કનૈયાલાલ મુનશી અને વી. પી. મેનને સરદારની દોરવણી હેઠળ નિઝામને નમતું જોખવું પડે એવી પરિસ્થિતિ સરજી હતી. આશ્ચર્ય એ વાતનું થાય કે ઈમરાનને ૧૯૭૧ પહેલાં જે પાકિસ્તાનની જ પૂર્વ પાંખ હતી એ 'બાંગ્લાદેશ' ને એમના નવા નકશામાં ઉમેરવાનું નથી સૂઝયું ! ઈમરાનખાનનાં આવાં ગતકડાં સામે મોદીની દૃઢ સંકલ્પશક્તિ એમને વિશ્વનેતા તરીકે ન સ્થાપે તો જ નવાઈ. અનેક ક્ષેત્રે નિષ્ફળ મોદી સરકાર કાશ્મીર અને અયોધ્યા જેવા સંવેદનશીલ મુદ્દાઓમાં અપ્રતિમ સફળથા હાંસલ કરી શકી છે. ચીનને પણ પાકિસ્તાનની જેમ વિશ્વની ખફગી વહોરવી પડી છે તે શું મોદીનું સદ્‌ભાગ્ય નથી?

# ગુજરાતીમાં શિવસ્તવન



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

બાર જયોતિર્લિંગની સ્તુતિ સંસ્કૃતમાં બે છે :
(૧) સૌરાસ્ટ્રે સોમનાથ ચં - ॥
(૨) સૌરાષ્ટ્રદેશે વિરાદે - ॥
આમાંથી પહેલી વધુ પ્રચલિત છે.

ગુજરાતી ભાષામાં પણ જયોતિર્લિંગ સ્તુતિછે. તેનું નામ છે : 'બાર જયોતિર્લિંગ'. આમાં બાર પંક્તિઓ છે :

(૧) સોમનાથ :
ચંદન, કમળફૂલ, બિલીનાં પાંદડા, જળનો લોટો લઈને રે !
હાલો, હાલો, સોમનાથ જઈએ રે !!
(૨) મલ્લિકાર્જુન :
ઓમ નમઃ શિવાય, પ્રેમેથી બોલીએ; દૂધનો અભિષેક કરીએ રે !
હાલો, હાલો મલ્લિકાર્જુન જઈ એ રે !!
(૩) મહાકાલેશ્વર :
દેવોના દેવ એ તો, મોટા મહાદેવ છે; પૂજાથી પાવન થઈએ રે !
હાલો, હાલો મહાકાલેશ્વર જઈએ રે !!
(૪) ૐકારેશ્વર :
અંતરની વાત, બધી મહાદેવને કહીએ; નાચી કૂદીને ગુણ ગાઈએ રે !
હાલો, હાલો ૐકારેશ્વર જઈએ રે !!
(૫) વૈજનાથ :
ભોળા શંકરને, ચંદન ચડાવીએ, પંચામૃતે નવડાવીએ રે!
હાલો, હાલો, વૈજનાથ જઈએ રે !!
(૬) ભીમશંકર :
ભોળા મહાદેવ, એ તો માગ્યું દેનાર છે; ભક્તિ આપો એમ કહીએ રે !
હાલો, હાલો, ભીમશંકર જઈએ રે !!
(૭) રામેશ્વર :
સમુદ્ર કિનારે, રામજી રીઝાવે; રેતીનાં શિવલિંગ બનાવીએ રે!
હાલો, હાલો, રામેશ્વર જઈએ રે !!
(૮) નાગેશ્વર :
ઓખા મંડળમાં, વ્હાલો બિરાજે; ગુણલાં એના ગાઈએ રે !!
હાલો, હાલો, નાગેશ્વર જઈએ રે !!
(૯) વિશ્વેશ :
શંકર પાર્વતી, કાશી બિરાજે; હાથમાં ડમરું લઈને રે !
હાલો, હાલો વારાણસી જઈએ રે !!
(૧૦) ત્રંબકેશ્વર :
ભોળા શંકરને, બિલ્લી ચડાવીએ; જળનો અભિષેક કરીએ !
હાલો, હાલો ત્રંબકેશ્વર જઈએ રે !!
(૧૧) કેદારનાથ :
બરફ આચ્છાદિત, શિખરે બેઠા; હિમાલય કેડીએ ચડીએ રે !
હાલો, હાલો, કેદારનાથ જઈએ રે!!
(૧૨) ઘુશ્મેશ્વર :
ભોળા મહાદેવના નામ સ્મરણથી; ભવસાગર તરી જઈએ રે !
હાલો, હાલો, ઘુશ્મેશ્વર જઈએ રે !!

આની કેટલીક વિશેષતાઓ છે, તેથી મહત્ત્વનું છે :
(૧) લય જાણીતો છે, એથી સુગેય છે, ભાષા પણ સરળ છે.
(૨) જયોતિર્લિંગનો ક્રમ પ્રસિદ્ધ સંસ્કૃત સ્તુતિ મુજબ છે.
(૩) અમલેશ્વરને ૐકારેશ્વર પણ કહી શકાય બંને એકસ્વરુપ છે.
(૪) નાગનાથનાં સ્થળ અંગે વિવાદ છે : હૈદરાબાદ પાસેનું અલમોડા પાસેનું, કે દ્વારિકા પાસેનું? અહીં સ્પષ્ટ થાય છે.
(૫) સાચું નામ ધૃષ્ણેશ્વર કે ઘુશ્મેશ્વર? સાચું નામ ઘુશ્મેશ્વર છે. બ્રાહ્મણ પત્ની ઘુશ્માના ઈશ્વર. આ નામની અહીં સ્પષ્ટતા છે.

# ગેટ વે ઓફ ઈન્ડિયાનું નિર્માણ કઈ સાલમાં કરવામાં આવ્યું ?



**ખજાનો**
**અનિલ પટેલ**

## ભારતનો ઈતિહાસ

૧ હુમાયુ અને શેરશાહ વચ્ચે કયા સ્થળે યુદ્ધ થયું હતું ?
(અ) પાણીપત (બ) કુરુક્ષેત્ર
(ક) ચૌસા (ડ) તરાઈ

૨ બાણભટ્ટને કયા શાસકે રાજયાશ્રય આપ્યો હતો?
(અ) બૃહસ્થે (બ) સમ્રાટ હર્ષવર્ધને
(ક) સમ્રાટ અશોકે (ડ) પલ્લવ નરસિંહવર્મને

૩ ભારતમાં પોર્ટીગીઝો પછી કઈ યુરોપીયન પ્રજા આવી ?
(અ) હુણ (બ) શક
(ક) ડચ (ડ) ફ્રેન્ચ

૪ ચંદબરદાઈ કોના દરબારી કવિ હતા?
(અ) પૃથ્વીરાજ ચૌહાણ (બ) મહારાણા પ્રતાપ
(ક) અકબર (ડ) શાહઆલમ

૫ ગેટ વે ઓફ ઈન્ડિયાનું નિર્માણ કઈ સાલમાં કરવામાં આવ્યું ?
(અ) ઈ.સ. ૧૯૦૦ (બ) ઈ.સ.૧૯૧૧
(ક) ઈ.સ. ૧૯૨૦ (ડ) ઈ.સ. ૧૯૨૬

૬ દિલ્હી શહેરનો પાયો કોણે નાખ્યો હતો ?
(અ) કૃષ્ણદેવ રાયે (બ) ઈલ્તુતમીશે
(ક) સિકંદરે (ડ) અનંતપાલ તોરમાણે

૭ બીબીનો મકબરો કયા શહેરમાં આવેલો છે ?
(અ) આગ્રા (બ) અલીગઢ
(ક) ઔરંગાબાદ (ડ) મેરઠ

૮ તેમૂર લંગે ભારત પર કયારે આક્રમણ કર્યું હતું?
(અ) ઈ.સ. ૧૩૮૦ (બ) ઈ.સ. ૧૩૯૮
(ક) ઈ.સ. ૧૪૦૦ (ડ) ઈ.સ. ૧૪૧૦

૯ ગંગ શાસક અનંત વર્મને કયું મંદિર બંધાવ્યું હતું?
(અ) જન્નાથપુરી (બ) તિરુપતિ બાલાજી
(ક) કોણાર્કનું મંદિર (ડ) બદ્રીનાથ

૧૦ ચંદ્રગુપ્તના દરબારમાં કયો ગ્રીક રાજદૂત રહ્યો હતો ?
(અ) ઈબ્નબતૂતા (બ) હુ એન સંગ
(ક) મેગસ્થનીઝ (ડ) મેક્યાવલી

૧૧ કયા મોગલ શાસકે હર વિજય સૂરીને જગત ગુરુની ઉપાધિ આપી હતી ?
(અ) બાબર (બ) અકબર
(ક) હુમાયુ (ડ) શાહજહાં

૧૨ 'લાખબકશ' તરીકે કોણ ઓળખાય છે ?
(અ) કુત્બુદ્દીન ઐબક (બ) બેરમખાં
(ક) મલિક કાફૂર (ડ) સિકંદર લોદી

૧૩ તૂકારામ કયા મુગલ સમ્રાટના સમકાલીન હતા ?
(અ) અકબર (બ) હુમાયુ
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

૧૪ તરાઈનનું પ્રથમ યુદ્ધ કયારે થયું હતું ?
(અ) ઈ.સ. ૧૧૦૦ (બ) ઈ.સ. ૧૧૧૯
(ક) ઈ.સ. ૧૧૩૦ (ડ) ઈ.સ. ૧૧૪૫

૧૫ કનિષ્કની રાજધાની કઈ હતી?
(અ) પુરુષપુર (બ) નાલંદા
(ક) પાવાપુરી (ડ) તરાઈન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૮ ઓગસ્ટ : સંસ્કૃત દિવસ**
  - સંગીત ગાયિકા સિદ્ધેસ્વરી દેવીનો જન્મદિવસ (૧૯૦૮)
  - અમૃતલાલ યાજ્ઞિકની જન્મજયંતિ (૧૯૧૩)
  - પોલેન્ડના વારસોવ શહેર ખાતે દુનિયાનું સૌથી ઊંચું રેડિયો ટાવર ધરાશાયી થયું (૧૯૯૧)
  - કવિ 'પતીલ' (મગનભાઈ પટેલ)નો જન્મદિવસ (૧૯૦૫)
- **૯ ઓગસ્ટ : ભારત છોડો આંદોલન દિવસ**
  - ભારતમાં લાયબ્રરી યુગનું નિર્માણ કરનાર ડૉ. શિયાલી રામામૃત રંગનાથનનો જન્મદિવસ (૧૮૯૨)
  - અમેરિકામાં વરાળ એન્જીનથી ચાલતી પ્રથમ ટ્રેન દોડી (૧૮૩૧)
  - બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ જાપાનની નાગાશાકી શહેર પર પરમાણું બોમ્બ ફેંક્યો (૧૯૪૫)
- **૧૦ ઓગસ્ટ :**
  - ભારનતા ચોથા રાષ્ટ્રપતિ વરાહગીરી વેન્કટગીરીનો જન્મદિવસ (૧૮૯૪)
  - જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલનો જન્મદિવસ (૧૯૩૨)
  - સાહિત્યકાર પીતાંબરપ પટેલની જન્મજયંતિ (૧૯૧૮)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના પિતામહ નારાયણ ભાતીખંડની જન્મજયંતિ (૧૮૬૦)
  - ગાંધી યુગના કવિ, વિવેચક, સુંદરજી ગોકળદાસ બેટાઈનો જન્મદિવસ (૧૯૦૫)
- **૧૧ ઓગસ્ટ :**
  - ક્રાંતિકારી ચળવળના પુરસ્કર્તા ખુદીરામ બોઝનું નિધન (૧૯૦૮)
  - પોર્ટુગીઝના કબજામાંથી ભારતે દાદરા અને નગર વહેલીને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાહેર કર્યા (૧૯૬૧)
  - નાટોએ અફઘાનિસ્તાનમાં શાંતિ સેનાની કમાન સંભાળી (૨૦૦૩)
  - ૧૯૮૩ની વર્લ્ડ ચેમ્પિયન ટીમના સભ્ય અને ફોર્મર એમ્પાયર યશપાલ શર્માનો જન્મદિવસ (૧૯૫૪)
- **૧૨ ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય યુવા દિવસ**
  - ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મદિવસ (૧૯૧૯)
  - રેલવે એન્જીનના શોધક જયોર્જ સ્ટીફન્સનું નિધન (૧૮૪૮)
  - સાહિત્યકાર ચુનીલાલનો જન્મદિવસ (૧૮૯૨)
- **૧૩ ઓગસ્ટ : વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ડોનેશન ડે / ઈન્ટરનેશનલ લેફ્ટ હેન્ડર ડે**
  - ભારતનાં ક્રાંતિકારી વીરાંગના માદામ ભીખાઈજી કામાનું નિધન (૧૯૩૬)
  - કવિ વિવેચક વિનોદ હરગોવિંદરામ જોષીનો જન્મદિવસ (૧૯૫૫)
  - રોમેશચંદ્ર દત્તની જન્મજયંતિ (૧૮૪૬)
  - બ્રિટીશ સંસદમાં ઈન્ડિયા એક્ટને મંજૂરી (૧૭૮૪)
- **૧૪ ઓગસ્ટ : પાકિસ્તાનનો સ્વતંત્રતા દિવસ**
  - ૨૮ વર્તમાન પત્રો અને ૧૮ સામયિકોના માલિક એવા વિલિયમ રેડોલ્ફ હર્સ્ટનું નિધન (૧૯૫૧)
  - અખંડ ભારતના ભારત અને પાકિસ્તાનમાં ભાગલાં પડ્યાં (૧૯૪૭)
  - ફ્રાન્સે પરમાણું પરીક્ષણ કર્યું (૧૯૭૧)
  - બ્રિટનના જોન ગાલ્સર્વર્ધીની જન્મજયંતિ (૧૮૬૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ભારતીય વાયુસેનામાં સામેલ થયેલા રાફેલ વિમાનો બનાવનાર કંપનીનું નામ શું? જવાબ : ફ્રાન્સની કંપની દાસોલ્ટ એવીએશન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) મીત પટેલ : સે-૨૩ (૭) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી, રાંદેસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રામમંદિર નિર્માણ કાજે કયા નેતાએ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢી હતી ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સાવન કા મહિના, નહીં કોઈ સોર !!



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

'પનુભાઈ...'

મોં પરના માસ્ક પાછળથી બૂમ પાડતા લાલા કાકા અમારો ઓટલો ચઢ્યા ને પછી પ્રશ્ન કર્યો : 'તમને 'નજરાના'ના ફિલ્મનું પેલુ ગીત યાદ છે?'

'કયું, કાકા ?' કહેતા અમે રેડ અંકલ આદત સે મજબૂત હિંચકા પર અમારી બાજુમાં, અડોઅડ ગોઠવાઈ ન જાય એટલા માટે દો ગજ કી દૂરી પર પડેલી ખુરસી ચીંધી એમને બેસાડ્યા.

'પેલું યાર... એક વો ભી દિવાલીથી, એક યહ ભી દિવાલી હૈ...'

'ઉજડા હુલા ગુલશન હૈ, રોતા હુઆ માલી હૈ...' અમે બીજી કડી ગાઈને કહ્યું : 'હા.. પણ કેમ આજે આ ગીત યાદ આવ્યું, અંકલ ?'

'કેમ કે આજની પરિસ્થિતિ જોઈ એ ગીતની પેરોડી ગાવાનું મન થાય છે.' કહેતા અંકલે 'માસ્ક' સરખું કરતા લલકાર્યું : 'એક વો ભી શ્રાવણ માસ થા..., એક યહ ભી શ્રાવણ માસ હૈ.... ના દૂધાભિષેક હૈ, ના ભક્તોં કી ભીડ ભાડ હૈ !!'

'હા... કાકા, વાત તો તમારી સાચી છે, હોં...'

'પનુભાઈ, યાર... કોરોનાએ તો તહેવારની મજા ય ઝીરો કરી નાખી છે... બળેવના દિવસે વીરાના રક્ષણ માટે રાખડી બાંધવા દોડી જતી બેનડીઓમાંથી મોટા ભાગની કોરોનાથી પોતાના રક્ષણનો ખ્યાલ કરી ઘરે જ રહી...'

'યસ... 'બળેવ' પ્રમાણમાં ફીરકી રહી... આજકાલ બધું 'ઓનલાઈન' ચાલે છે એમ 'રક્ષાબંધન' પણ વર્ચ્યુઅલ ને ઓનલાઈન થયું.... સમય સમયની બલિહારી, બીજું શું !' અમે થોડા નિરાશા સાથે ઉત્તર આપ્યો.

'અરે, શ્રાવણ જેવો શ્રાવણ કોરો જાય છે...'

'કોરો ?' શ્રાવણ કોરો ? ના અંકલ, શ્રાવણ તો પાનાં ને (સૂરા) પાનની મહેફિલોથી ભીનો ભીનોને ભર્યો ભર્યો જાય છે એવા, સમાચાર રોજ રોજ નથી વાંચતા....?'

'એમ નહીં, પનુભાઈ... એ અર્થમાં કોરો નહીં.... શિવાલયમાં ભક્તોની ભીડ નથી...' 'હર હર મહાદેવ'ના ઘોષ સંભળાતા નથી. મોટાભાગે તો મહાદેવજીની પૂજા-આરતી પછી શિવાલયના દરવાજા બંધ કરી દેવાય છે... 'જાળી દર્શન' યાને જાળીમાંથી દર્શનનો જ લાભ લેવાનો. ભોળાનાથ સુના સુના પડી ગયા છે!!

'તે અંકલ, આ બધું તો દેવાધિદેવ મહાદેવ' જ હાથે કરીને નોતર્યું છે ને !

એમને ધાર્યું હોત તો કાળમુખો કોરોનાને મોકલ્યો જ ન હોત કે લોકોને થોડો પરચો બતાવી પાછો કાબુમાં લઈ શક્યા હોત... તો શ્રાવણને તહેવારો સુધરી ગયા હોત... બધું દેવોનો દેવ મહાદેવના હાથમાં જ છે ને...' 'હં... પણ કદાચ બગવાને ય એ જ ભક્તોની ભીડથી, ઘંટારવ અને દૂધ-જળથી ગુંગળામણથી કંટાળ્યા હશે એટલે આ શ્રાવણે 'ચેઈન્જ' રાખ્યો હતો...' અંકલે સમાધાન શોધ્યું.... એટલે અમે કહ્યું : 'બને... લેટ અસ હોય કે પ્રભુનો કંટાળો ઝટ દૂર થાય ને ઝટ કોરોનાને વિદાય દઈ દે... અને 'અચ્છે દિન ઝટ આવે પાછા...'

'પણ પનુભાઈ, આ શ્રાવણ માસ મને અઘરો પડે છે.'

'શું વાત કરું, યાર... તમારી 'અંકલી' એ દર વખતની જેમ આ વખતેય એની જોડે મને શ્રાવણનાં એકટાણા કરાવ્યા છે - એટલે...'

'તે કાકા, બપોરે ભરપેટ જમવાનું ને રાત્રે ફરાળે ય મળતું હશે ને... પછી શું ચિંતા છે ?' અમે કાકાને ચીડવવા ડબકુ મૂક્યું.

'તમે સમજતા નથી, યાર... દર શ્રાવણે તો હું તમારી કાકીના કહેવાથી ઘરે એકટાણાં કરું... પમ રાત્રે મારે 'ફરાળ'થી ના ચાલે એટલે સાંજે બહાર જઈ મન થાય તે ઝાપટી આવું.... તમારી કાકીનું મન સચવાય ને મનેય તકલીફ નહીં...'

'તે આ વખતે ય એવું કરો ને ! બિચારાં કાકીને કયાં ખબર પડવાની હતી.' અમે રેડ અંકલને ટાઈટ કરવા પ્રયત્ન કર્યો...

તો કાકા બગડ્યા : 'કેવી રીતે જઉં ? કોરોનાના ડરથી એ કયાંક બહાર જવા જ નથી દેતી.... સવારે એની જોડે મહાદેવ જવાનું - દર્શન કરી ઘરમાં કેદ થઈ જવાનું... તમારી 'અંકલી'ની નજરકેદમાં... છટકવું કઈ રીતે ?

'હં.... એ ખરું, કાકા...'

'એટલે અડધો ભૂખે મરું છું... જુઓને વજન ઘટેલું નથી લાગતું ?' અંકલે સહાનુભૂતિ મેળવવા કહ્યું... 'ના, અંકલ, જરાય લાગતું નથી...' અમે સળી કરતાં ઉમેર્યું : 'અંકલ, પાતળા થવું હોય તો એ માટે તો તમારે ચાતુર્માસ કરવા પડે...' કાકીને કહું...

'એ, ના... ના... રહેવા દો... મરી જઈશ હું...' કહેતા અંકલ ઊભા થઈ ગયા ને જતાં જતાં ગાવા લાગ્યા : 'સાવન કા મહિના, મચાયે ના કોઈ સોર.... સતાયે મુજે ઔર... '